# પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી

ગુ.રા, "વીમા અને લેખા ભવન",
જુના સચિવાલય, બ્લોક નં. ૧૮,
સેક્ટર-૧૦ બી, ગાંધીનગર-૩૮૨૦૧૦.

નિયામકશ્રી : 079-23253213
હિ.અધિકારી : 079-23256516
NPS શાખા : 079-23256544


ક્રમાંક : ડીપીપી/NPS-કંટ્રોલ/NPS-પરિપત્ર/૨૦૨૩/ ૪૪૬૦ | તારીખ :૨૧ / ૦૫ /૨૦૨૩

<u>વંચાણે લીધેલ</u> : PFRDA નો તા.૧૧-૦૭-૨૦૨૩, તા.૧૮-૦૭-૨૦૨૩ તથા તા.૦૯-૦૮-૨૦૨૩ નો સમાન પત્ર નં.PFRDA/17/08/11/0021/2017-SUP-SG.

## પરિપત્ર :

પેન્શન ફંડ રેગ્યુલેટરી અને ડેવલમેન્ટ ઓથોરીટી (PFRDA), ન્યુ દિલ્હી દ્વારા કેન્દ્ર/રાજ્ય સરકારની નોડલ કચેરીઓને NPS સિસ્ટમને વધુ મજબુત કરવા અને તેની સાથે સંકળાયેલ જોખમોને ઘટાડવા માટે સંબંધિત ઉપાડ અને વહેંચણી અધિકારીઓને નીચે જણાવેલ મુદ્દાઓ મુજબ કાર્યવાહી અનુસરવા માટે આથી સુચના આપવા જણાવેલ છે.

૧. <u>KYC ધોરણોનું પાલન કરવા બાબત</u>:

- નેશનલ પેન્શન સિસ્ટમ (NPS) હેઠળ સબસ્ક્રાઇબર્સના રજીસ્ટ્રેશન સમયે (PPAN/PRAN મેળવવા માટેની દરખાસ્ત સાથે) તથા સબસ્ક્રાઇબર દ્વારા NSDL સિસ્ટમમાં તેમની વ્યક્તિગત પ્રોફાઈલમાં નામ, સરનામું, બેંક વિગતો, વગેરે સુધારા-વધારા કરવા માટેની દરખાસ્ત સાથે ઓળખ અને સરનામાના સંદર્ભમાં જરૂરી દસ્તાવેજો સામેલ રાખી **નોડલ ઓફીસને (પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકની કચેરી, ગાંધીનગર)** મોકલવાના રહેશે.

૨. <u>NPS હેઠળ રજીસ્ટ્રેશન અને ફાળાની કપાતમાં વિલંબ</u>:

- NPS એ બજાર સાથે જોડાયેલા વળતર સાથે નિર્ધારિત યોગદાન પેન્શન યોજના છે. મહત્તમ વળતર મેળવવા માટે સબસ્ક્રાઇબર્સનું રજીસ્ટ્રેશન સમયસર કરવામાં આવે તથા ફાળાની કપાત સમયસર કાપવામાં આવે તે જરૂરી છે.
- નાણા વિભાગના તા.૦૬-૦૬-૨૦૦૫ ના ઠરાવમાં આપેલ માર્ગદર્શક સુચનાઓ મુજબ કર્મચારી/અધિકારીશ્રી સેવામાં જોડાય તરત જ (નિયમિત નિમણુકમાં) પેન્શન ખાતા નંબર મેળવવા સંપૂર્ણ વિગત સાથે દરખાસ્ત કરવી જેથી વિલંબ ટાળી શકાય.
- NPS હેઠળ સબસ્ક્રાઇબર્સના રજીસ્ટ્રેશન માટે, કર્મચારીઓ પાસેથી ઓળખ અને સરનામું અંગેના દસ્તાવેજી પુરાવા, ઇ-મેઇલ એડ્રેસ, PAN અને મોબાઇલ નંબરની માહિતી આપવી ફરજિયાત છે. તથા કર્મચારી પાસે તેમના NPS એકાઉન્ટ સાથે એક ઈમેલ અને મોબાઈલ નંબર લિંક થયેલો હોય, જે અન્ય કોઇ NPS એકાઉન્ટ સાથે લિંક થયેલ ન હોવો જોઇએ.

પાછળ...

3. **નામ પરિવર્તન અને સેવા રેકોર્ડર્સ:**

- NPS હેઠળ સબસ્ક્રાઇબરના નામમાં ફેરફારના અમલ માટે પહેલા તેમના સર્વિસ રેકોર્ડર્સમાં નામમાં ફેરફાર કરવા અને ત્યાર પછી NPS સિસ્ટમમાં નામ બદલવાની વિનંતીને મંજૂર કરવી જરૂરી છે. જે માટે નોડલ ઓફિસને નામ બદલવા માટેના દસ્તાવેજી પુરાવા પુરા પાડવા ફરજિયાત રહેશે.

૪. **પગાર ખાતું અને NPS એકાઉન્ટ સાથે સંકળાયેલ બેંક ખાતું:**

- કર્મચારીના પગારના બેંક ખાતાને NPS હેઠળ સંકળાયેલ બેંક ખાતા તરીકે અપડેટ કરો. જેથી કર્મચારી દ્વારા અંશતઃ ઉપાડ /ફાઇનલ વિડ્રોઅલ વખતે બેંક ખાતું બદલવાની મેન્યુઅલ હસ્તક્ષેપની જરૂરિયાતને ઘટાડીને વિડ્રોઅલ પ્રક્રિયા અને અન્ય નાણાકીય લાભોને સુવ્યવસ્થિત કરી શકાય છે.

૫. **જન્મ તારીખ અને નિવૃતિ તારીખ માં ફેરફાર માટે સત્તાધિકારીની મંજુરી બાબત :**

- કર્મચારીના સેવા રેકોર્ડર્સ મુજબ NPS એકાઉન્ટની વિગતમાં જન્મતારીખ અને નિવૃત્તિની તારીખમાં ફેરફાર માત્ર સક્ષમ સત્તાધિકારીની મંજુરીથી અસાધારણ સંજોગોમાં અને યોગ્ય સમર્થન અને દસ્તાવેજીકરણ સાથે નોડલ ઓફીસને મોકલવાના રહેશે.

નાયબ નિયામક
(NPS)

**નકલ રવાના :**

1. સર્વે સચિવાલયના વિભાગ.
2. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી, બ્લોક નં.૧૨/૨, જુના સચિવાલય, ગાંધીનગર.
3. કમિશ્નરશ્રી, કમિશ્નર શાળોઓની કચેરી, બ્લોક નં.૯/૧, જુના સચિવાલય, ગાંધીનગર.
4. નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની કચેરી, બ્લોક નં.૧૨/૧, જુના સચિવાલય, ગાંધીનગર.
5. નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી,બ્લોક નં.૧૭, જુના સચિવાલય, ગાંધીનગર.
6. સર્વે કલેકટરશ્રી, કલેકટર કચેરી.
7. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી.
8. સર્વે પોલીસ અધિક્ષકશ્રી, પોલીસ અધિક્ષકની કચેરી. (112)
9. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી. ગાંધીનગર
10. અન્ય તમામ ખાતાના વડાશ્રીઓ/ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રી,

**નકલ સવિનય રવાના :**

નાયબ સચિવશ્રી(પેન્શન), નાણા વિભાગ, બ્લોક નં.૪, સરદાર ભવન, સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક:- ગચન/પેન્શન/૨૦૨૩-૨૪/10358
જિલ્લા શિક્ષણાધિકારીકચેરી,
સહયોગ સંકુલ ,બ્લોક :- એ /૨
સેકટર ૧૧ ,ગાંધીનગર
તા:૬/૧૦/૨૦૨૩.

પ્રતિ,

આચાર્યશ્રી

સરકારી પ્રાથમિક અને માધ્યમિક અનુદાનિત . શાળાઓ જિ:ગાંધીનગર

ઉક્ત પ્રત્ર મુજબ યોગ્ય કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે .

જિલ્લા શિક્ષણાધિકારી
ગાંધીનગર વતી,